# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-03-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- આગામી લોકસભા ચૂંટણીની જાહેરાત – સાત તબક્કા મતદાન યોજાશે - ચોથી જૂને મતગણતરી થશે.
- ગુજરાત રાજ્યમાં એક જ તબક્કામાં સાતમી મેના રોજ મતદાન યોજાશે.
- રાજ્યમાં ખાલી પડેલી સાત વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણીની પણ જાહેરાત કરાઇ
- ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ રાજ્યમાં આદર્શ આચારસંહિતા લાગુ
- પાકિસ્તાનથી સ્થળાંતરિત થઇ અમદાવાદમાં નિવાસ કરતા ૧૮ વ્યક્તિઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયા

------------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ECI--LOK-SABHA-POLLS - GUJARAT

કેન્દ્રીય ચૂંટણી પંચે આગામી લોકસભા ચૂંટણી કાર્યક્રમ આજે જાહેર કર્યો છે. સાત તબક્કામાં મતદાન યોજાશે, અને 4 જૂને મતગણતરી હાથ ધરવામાં આવશે. ગુજરાત રાજ્યની બધી જ 26 બેઠકો માટે એક જ તબક્કામાં 7મી મેના રોજ મતદાન યોજાશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ આજે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે રાજયમાં ત્રીજા તબક્કામાં યોજાનાર મતદાન માટે રાજ્યમાં મતદારોની સંખ્યા કુલ 4 કરોડ 94 લાખ 49 હજાર 469 મતદારો નોંધાયેલા છે. જેમાં 18થી 19 વર્ષની વયજૂથના 11 લાખ 32 હજાર 880 યુવા મતદારો, જ્યારે 10 હજાર 322 શતાયુ મતદારો નોંધાયા છે. શ્રીમતી ભારતીએ વધુ વિગતો આપતા જણાવ્યુ કે

(બાઇટ- પી. ભારતી રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી)

રાજ્યમાં 182 આદર્શ મતદાન મથકો બનાવવામાં આવશે. માત્ર મહિલાઓ દ્વારા સંચાલિત એક હજાર 274 સખી મતદાન મથક બનાવાશે. જ્યારે 182 દિવ્યાંગ સંચાલિત મતદાન મથક હશે. મતદાનના દિવસે રાજ્યના 25 હજાર જેટલા મતદાન મથકો ઉપર લાઇવ વેબકાસ્ટીંગ કરાશે. તમામ મતદાન મથકો ઉપર ઇવીએમ સાથે વીવીપેટનો ઉપયોગ કરવામાં આવશે.

શ્રીમતી ભારતીએ જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ફરીયાદ હવે ઓનલાઈન અને રીયલ ટાઈમમાં થઈ શકશે. ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરાયેલ c-VIGIL એપ્ મારફતે કોઈપણ અરજદાર કોઈપણ સ્થળેથી આ અંગેની ફરીયાદ કરી શકશે. ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે તમામ જિલ્લાઓમાં 756 ફ્લાઈંગ સ્કૉડ, 206 એકાઉન્ટીંગ ટીમ, 251 વિડીયો વ્યૂઈંગ ટીમ, 480 વિડીયો સર્વેલન્સ ટીમ કાર્યરત કરવામાં આવી છે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે વિધાનસભા ચૂંટણીમાં 80 વર્ષથી વધુ વય ધરાવતા વરિષ્ઠ મતદારો તેમના નિવાસસ્થાને મતદાન કરી શકે તેવી જોગવાઈ હતી. પરંતુ ચૂંટણી પંચે આ જોગવાઈમાં સુધારો કરી 80 વર્ષ થી વધુ ઉંમરને બદલે 85 વર્ષ થી વધુ કરેલ છે, તથા 40 ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને હોમ વોટિંગની સુવિધા આપવામાં આવશે.

..................................

## Election - DISTRICT

લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થતાં જ રાજ્યભરમાં આદર્શ આચારસંહિતા લાગુ થઈ છે.

જે અંતર્ગત સુરતમાં નિષ્પક્ષ અને ન્યાયી ચુંટણી યોજાય તે માટે જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને એક બેઠક યોજાઇ હતી.

જેમાં જિલ્લા ચુંટણી અધિકારીએ આચારસહિંતાના અમલીકરણ માટે સરકારી યોજનાઓના જાહેર સ્થળો અને સરકારી કચેરીઓમાંથી હોર્ડિંગ્સ, બેનર ભીંતચિત્રો ત્વરિત ધોરણે દુર કરવા અંગેની કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા, તાલીમ, ફરિયાદ નિવારણ માટે સુચારૂ વ્યવસ્થા કરવા અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

અમદવાદ જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારીએ લોકસભાની ચૂંટણીની તૈયારી અને આયોજન અંગે પત્રકાર પરિષદ યોજી ચૂંટણીલક્ષી કામગીરીની માહિતી આપી હતી.

સુરેન્દ્રનગર જીલ્લામાં પણ જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી કે.સી.સંપટના અધ્યક્ષસ્થાને લોકસભાની ચૂંટણીની તૈયારીઓ અને આયોજન અંગે પત્રકાર પરિષદ યોજાઈ હતી.

લોકસભા ચૂંટણીને લઈને દીવ કલેકટર ભાનુ પ્રભાએ પત્રકાર પરિષદ યોજી લોકસભા ચૂંટણી તથા આચારસંહિતા વિશે માહિતી આપી હતી.

મહિસાગર જિલ્લા ચુંટણી અધિકારી નેહા કુમારીએ જણાવ્યું હતું કે, મહીસાગર જિલ્લામાં સમાવિષ્ટ ૩ વિધાનસભા બેઠકો જિલ્લામાં કુલ ૯૬૩ મતદાન મથકો આવેલા છે.

મહીસાગર જિલ્લામાં ૩ વિધાનસભા મત વિસ્તારમાં કુલ ૮,૨૬,૯૮૯ મતદારો નોંધાયેલો છે.જેમાં ૪,૨૧,૮૭૦ પુરુષ મતદારો ૪,૦૫,૧૧૦ મહિલા મતદારો , ૯ અન્ય મતદારો નોંધાયેલા છે.

આ ઉપરાંત ૧૮-૧૯ વયજૂથના ૨૧,૦૬૪ મતદારો , ૨૦-૨૯ વયજૂથના ૧,૯૩,૩૪૧ મતદારો, ૮૫ ઉપરના ૭,૯૨૧ મતદારો અને PWDના ૪,૬૪૯ મતદારો નોંધાયેલ છે.

-----

## Citizenship Allotment - AHD, H.Sanghavi

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ આજે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજીત અમદાવાદ જિલ્લા કલેકટર ઓફિસ ખાતે પાકિસ્તાનથી સ્થળાંતરિત થઇ અમદાવાદમાં નિવાસ કરતા ૧૮ વ્યક્તિઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર, કલેકટર, ધારાસભ્યો તેમજ પ્રમાણપત્ર સ્વીકૃતિ કરનાર ૧૮ લાભાર્થીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, અમદાવાદ ખાતે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર મેળવનારા ૧૮ પરિવારોના ઘરોમાં દિવાળી જેવો માહોલ છે કેમ કે આજે તેઓ ભારતના નાગરિક બન્યા છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર ભારતીય નાગરિકતા મેળવેલા નાગરિકોને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા માટે હરહંમેશ પ્રતિબદ્ધ છે.

(બાઈટ – હર્ષ સંઘવી)

અત્યાર સુધીમાં અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા કુલ ૧૧૬૭ પાકિસ્તાનના હિંદુ નિર્વાસિતોને ભારતીય નાગરિકતા આપવામાં આવી છે.

-------

## AHD- CIVIL SURGERY

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બે વિદેશી બાળકોની અત્યંત જટિલ બ્લેન્ડર એસ્ટ્રોફી સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરતાં સિવિલ હોસ્પિટલ મેડકિલ ટૂરિઝમનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

કેન્યા અને બાંગ્લાદેશના આ બંને બાળકોની અગાઉ તેમના દેશમાં સર્જરી કરાઈ હતી જે નિષ્ફળ જતા આ બંને બાળકોને અમદાવાદ સિવિલ લવાયા હતા. જ્યાં પેશાબની કોથળીની સમસ્યા ધરાવતા આ બંને બાળકોને સર્જરી દ્વારા પીડામુક્ત કરાયા છે.

આ અંગે અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિડેન્ટડન્ટ ડોક્ટર રાકેશ જોષી જણાવે છે કે, સિવિલ હોસ્પિટલનો પીડીયાટ્રીક સર્જરી વિભાગ, બ્લેન્ડર એસ્ટ્રોફી સર્જરી માટે સેન્ટર ઓફ એક્સલન્સ ગણાય છે.

------------

## Extra Buses - Vadodara

વડોદરા એસટી વિભાગ દ્વારા હોળી-ધૂળેટીના પર્વ નિમિત્તે વધારાની બસો ચલાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. મુસાફરોને વધારે સુવિધા મળી રહે તે હેતુસર ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા વડોદરા વિભાગને વધારાની 100 બસો ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બોડેલી, છોટા ઉદેપુર, ડભોઈ, કરજણ, પાદરા તથા વાઘોડીયા ડેપોને પણ વધારાની બસો ફાળવવામાં આવશે. વડોદરા એસટી

વિભાગ દ્વારા આગામી 19 થી 25 માર્ચ સુધી કુલ 235 એક્સ્ટ્રા બસોનું સંચાલન કરાશે.

...................................

## Kutch-Entry Restriction

કચ્છ જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા જિલ્લાના કુલ એકવીસ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ પ્રતિબંધ રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે જાહેર કરવામાં આવ્યો છે.

...................................

## Vadodara-Bagayati Pak Registration

વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લાના બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂતોએ બાગાયતી પાકોની વિદેશમાં નિકાસ કરવા માટે એગ્રિકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડકટસ એક્સ્પોર્ટ ડેવલોપમેન્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયા (APEDA)ની વેબસાઈટ પર ફરજિયાત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહશે.

બાગાયતી પેદાશોની વિદેશમાં નિકાસ કરવા ઇચ્છતા ખેડૂતોએ વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરી જરૂરી પુરાવા સાથે અરજી કરવાની રહશે.

અરજી કર્યા બાદ અરજીની કોપી અને જરૂરી પુરાવા નાયબ બાગાયત નિયામકની કચેરી, વડોદરા ખાતે રૂબરૂ અથવા ટપાલથી જમા કરાવાણી રહશે.

..............................